નવા સચિવાલય સરદાર ભવન બ્લોક નં. ૩ ખાતે દેનાબેંકની શાખાનો શુભારંભ

@ગાંધીનગર

● અડાલજ સ્થિત અદાણી શાંતિ ગ્રામ ખાતે સુપ્રસિધ્ધ ગાયક કલાકાર રાહતઅલી ફતેખાનનો સાંજે ૭.૦૦ કલાકે લાઈવ કોન્સર્ટ યોજાશે.

● પંચમ સોપાનનું સુંદરકાંડ પાઠ રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૭૭૫ આદર્શનગર સે-૨૪ ખાતે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.

● સિવિલ ડિફેન્સ દ્વારા સવારે ૮.૦૦ કલાકે ઘ-૫ રવિશંકર મહારાજની પુતળાની સાફ સફાઈ કરવાનો કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગ્રૂપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન ક્રિયાનો કાર્યક્રમ સે-૧૨ બલરામ મંદિર ખાતે યોજાશે.

● સેકટર-૧૭ સ્થિત રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે શનિવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે આ સંસ્થાના જુના સામયિકોનું રાહત દરે વેચાણ કરવામાં આવશે.

સિવિલ હોસ્પિટલમાં મૃતદેહો માટે કોલ્ડરૂમ કાર્યરત

હોસ્પિટલના કોલ્ડરૂમમાં ૧૨ મૃતદેહો રાખવાની વ્યવસ્થા

ગાંધીનગર, તા.૨૯

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ મુકવા માટે કોલ્ડ સ્ટોરેજ તૈયાર કરવામાં આવ્યો છે. આ કોલ્ડ સ્ટોરેજમાં ૧૨ મૃતદેહ રાખી શકાય તેવી વ્યવસ્થા કરાઈ છે. આધુનિક હોસ્પિટલ બનવા છતા મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં રાખવા માટેની વ્યવસ્થા ના હોવાથી મૃતકોના સ્વજનોને સ્વૈચ્છીક સંસ્થા જુસીકાના સહારો લેવો પડતો હતો.

મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો છે. મેડીકલ કોલેજને પગલે સંકુલમાં આઠમાળની નવી ઈમારત અને પાંચ માળની નવી ઓપીડી ઈમારત તૈયાર કરાઈ છે. જેમાં દર્દીઓ માટે સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે હોસ્પિટલ ૧૫૦ થી વધીને ૬૫૦ બેડની બનતા દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે સિવિલ સંકુલમાં આવેલા જુના પોસ્ટમોર્ટમ રુમની જગ્યાએ અત્યંત આધુનિક પોસ્ટમોર્ટમ રુમ પાણી, લાઈટ સહિતની જરુરી સાધનો સાથે તેમજ ૧૨ ડેડ બોડીને કોલ્ડ રુમમાં રાખી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી કોલ્ડરુમ તૈયાર થવા છતા એસી અને એકઝોસ્ટ ફેનને કારણે બંધ હાલતમાં હતો. જેને પગલે મૃતકના સ્વજનોને ડેડબોડીને રાખવા માટે જુસીકાના કોલ્ડ સ્ટોરેજનો સહારો લેવો પડતો હતો. જયારે સિવિલમાં એક ડેડ બોડી રાખી શકાય તેવી વ્યવસ્થા હતી પરંતુ તેમા પણ લાઈટ અને બીજા અનેક ધાંધીયાને કારણે છેલ્લા કેટલાક સમયથી તે રુમ પણ બંધ હાલતમાં હતો. પરંતુ તાજેતરમાં સિવિલના પીઆઈયુ વિભાગ દ્વારા મૃતકોની ડેડ બોડી મુકી શકાય અને નગરજનોને પોતાના સ્વજનના મૃતદેહને લઈને અન્યત્ર ન જવુ પડે તે માટે કોલ્ડ સ્ટોરેજ તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ કોલ્ડ સ્ટોરેજમાં ૧૨ મૃતદેહો રાખવાની ક્ષમતા પણ છે. આ કોલ્ડ સ્ટોરેજનું સંચાલન પણ સિવિલના પીઆઈયુ વિભાગ દ્વારા કરવામાં આવશે.

વાતવાતમાં

● સે-૯માં સ્વાક એરફોર્સ સ્ટેશન ખાતે એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ આર.કે. ધીરના હસ્તે એટીએમ, કેશ ડિપોઝીટ મશીન તથા સેલ્ફ પાસબુક પ્રિન્ટીંગ જેવી અત્યાધુનિક સુવિધાયુકત પંજાબ નેશનલ બેંકની શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ બેંકમાં એરફોર્સના જવાનો માટે ખાસ પીએનબી રક્ષક યોજના હેઠળ વિશેષ સવલતો ધરાવતા સેવિંગ્સ ખાતા ખોલવામાં આવશે.

● ચિલોડા પોલીસ સ્ટેશને તાજેતરમાં છાલા ખાતે થયેલા કોમી તોફાનો સંદર્ભે ડીવાયએસપી, મામલતદાર, સ્થાનિક પી.આઈ.ની હાજરીમાં બંને કોમના આગેવાનોની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ફરીથી કોમી છમકલું ના થાય અને શાંતિ એખલાસનો માહોલ બની રહે તે માટે સઘન ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી.

● શહેરના ચ માર્ગ સહિત અનેક માર્ગો પર અત્યાધુનિક સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. આ કેમેરા દ્વારા હાઈસ્પીડે દોડતા વાહનો ઝડપવા ઉપરાંત ગુનેગારોના ફેસ રીડીંગ તથા વાહનોના નંબર સ્કેનિંગ થકી ચોરીના ગુના ઉકેલવા અંગેની અત્યાધુનિક સીસ્ટમ સામેલ કરાઈ છે.

● શહેરના ગ-૧ થી આરટીઓ કચેરી તરફના માર્ગે ઝાડીમાં સૂકા પાંદડાઓમાં આગ લાગી હતી. આ ભભૂકેલ આગ માટે કોઈનો અટકચાળો હોવાની આ વિસ્તારના રહીશોમાં શંકા સેવાઈ રહી છે.

ગાંધીનગરમાં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રન ફોર ગુજરાતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

તા. ૧લી મે ના રોજ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રન ફોર ગુજરાતના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રન ફોર ગુજરાતની દોડ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ ખાતેના ટાઉન હોલથી સવારના ૭.૦૦ કલાકે આરંભ થશે.

ગુજરાત સ્થાપના દિન દરેક નગરવાસીઓ માટે ગૌરવ દિન રૂપ છે. આ દિનની ઉજવણી ગુજરાત સહિત રાજયના પાટનગરમાં ધામધૂમથી કરવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમાં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રન ફોર ગુજરાતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રન ફોર ગુજરાતનો આરંભ સે-૧૭, ટાઉનહોલ સામેના ગ્રાઉન્ડમાંથી સવારના ૭.૦૦ કલાકે થશે. સવારના ૬.૩૦ કલાકથી રન ફોર ગુજરાતના કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ દોડ ટાઉનહોલથી આરંભ થઈ ઘ-૪ સર્કલ પાસેથી સેન્ટ્રલ વિસ્ટા થઈ મહાત્મા મંદિર બાજુ જશે. સેક્ટર-૧૫ ખાતે આવેલી કોલેજના ખૂણેથી પરત થઈ ટાઉનહોલ ખાતે આવશે. રન ફોર ગુજરાતમાં અંદાજે ૨૫૦૦ જેટલા લોકો જોડાશે. જેમાં પોલીસ કર્મીઓ, એસ.આર.પી.ના જવાનો, કોલેજ-શાળાના વિદ્યાર્થીઓ, ગાંધીનગરની વિવિધ સંસ્થાના સભ્યો, સરકારી અધિકારી-કર્મચારીઓ અને નગરજનો જોડાશે.

રન ફોર ગુજરાતના કાર્યક્રમમાં સર્વે નાગરિકોને ઉત્સાહભેર જોડાવવા માટે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે અપીલ કરી છે.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રાહત દરે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

શ્રી વિશ્વ કર્મા સેવા સમાજ દ્વારા સમાજના સભ્યોના અભ્યાસ કરતા બાળકો માટે તા.૧લી મે થી ૩૦ જુન દરમિયાન સેકટર-૧૨, વિશ્વકર્મા મંદિર કાર્યાલય ખાતે રાહતદરે ચોપડા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજન બાળકોનું ભવિષ્ય ઉજળું બને તે માટે અવનવા પ્રયત્નો કરાતા હોય છે. જેમાં રાહતદરે ચોપડાઓનું વિતરણ, તેજસ્વી તારલાઓને રોકડ ઈનામો આપી બાળકોને પ્રોત્સાહન પણ પુરું પાડવામાં આવે છે. સમાજના સભ્યોને તેમના અભ્યાસ કરતા બાળકો માટે છેલ્લા વર્ષની માર્કશીટની નકલ રજુ કરી ચોપડા મેળવી લેવા સમાજના પ્રમુખ કે.પી. સુથારે અનુરોધ કર્યો છે.

ગળે ફાંસો ખાઈ લેતા ૧૦ દિવસથી વેન્ટીલેશન પર રહેલી પરિણીતાનું મૃત્યુ

સેકટર-૨૮માં સીએમ કમાન્ડોને ફાળવેલા મકાનમાં રહેતા દંપતીએ એક વર્ષ પહેલા જ પ્રેમ લગ્ન કર્યા હતા : ડીવાયએસપીએ તપાસ આરંભી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સે-૨૮ ખાતે સી.એમ.કમાન્ડોને ફાળવેલા સરકારી મકાનમાં જયેશ ત્રણેક માસથી પત્નિ સાથે રહેતો હતો. આ દંપતીએ એક વર્ષ પહેલા જ પ્રેમ લગ્ન ગોધરા કોર્ટથી કર્યા હતા. ૧૯ તારીખે કોઈ કારણોસર પરિણીતાએ સવારે પોતાના રૂમમાં જઈ ગળે ફાંસો ખાઈ લેતા ૧૦ દિવસથી બેભાન હાલતમાં તે વેન્ટીલેશન પર હતી. દરમિયાન આજે સવારે સારવાર દરમિયાન તેણીનું પ્રણ પંખેરૂ ઉડી ગયું છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડીવાયએસપીએ ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ એસઆરપી જવાનનો દિકરો જયેશ કાળુભાઈ પરમાર જુના મકાન તોડવાના કોન્ટ્રાકટ લેવાના વ્યવસાય સાથે સંકળાયેલો છે તો બીજી તરફ ૨૨ વર્ષીય શિલ્પા સે-૭ ખાતે સ્થિત ડૉ. સોમાણીના દવાખાને નર્સ તરીકે અગાઉ કામ કરતી હતી. દરમિયાન બંને વચ્ચે આંખ મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો અને એક વર્ષ અગાઉ જ ગોધરા કોર્ટમાં બંનેએ પ્રેમ લગ્ન કરી લીધા હતા. છેલ્લા ત્રણેક માસથી જયેશ પરમાર તેના સીએમ કમાન્ડોમાં નોકરી કરતા મિત્રના સે-૨૮ જ-ટાઈપ બ્લોક નં. ૧૪૮/૬ ખાતે ફાળવવામાં આવેલા સરકારી મકાનમાં પત્નિ સાથે રહેતો હતો. ૧૯ તારીખે જયશે સે-૨૭ ખાતે તેના મિત્રને મળવા ગયો તે અરસામાં તેની પત્નિ શિલ્પાએ ઘરે ગળે ફાંસો ખાઈ લીધો હતો. રિક્ષામાં ખાનગી હોસ્પિટલ લઈ જવાયા બાદ બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. ૨૫મી તારીખે વધુ સારવાર માટે તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બેભાન હાલતમાં ૧૦ દિવસથી વેન્ટીલેશન પર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી શિલ્પાનું આજે સવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. સે-૨૧ પોલીસે ગુનો નોંધી ડીવાયએસપીએ તપાસ શરુ કરી છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સ્પર્ધાઓ

ગાંધીનગર, તા.૨૯

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શ્રી વલ્લભ વકતૃત્વ/નિબંધ/સ્ત્રોત પઠન અને પુષ્ટિ ભકિત કિર્તન સ્પર્ધાનું આયોજન તા. ૧૫મી મેના રોજ કરવામાં આવ્યું છે. શાખાના સભ્યોએ સ્પર્ધાનું ફોર્મ હવેલી મંદિર સે-૨૧, ગાંધીનગરની ઓફિસમાંથી મેળવી લેવું અને તા. ૧૦મી મે સુધીમાં પરત કરવાનું રહેશે. જે સ્પર્ધક શાખાના સભ્ય નહીં હોય તેમનું ફોર્મ માન્ય રખાશે નહીં તેમ શ્રી રસિકભાઈ ગાંધી, શ્રી હર્ષદભાઈ એચ. ગાંધીએ જણાવેલ છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બીજીએ બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક તા. ૨જી મે સોમવારે સંસ્થાના પ્રમુખશ્રી જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સે-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં સાંજે પાંચ વાગે યોજાશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે તેમ પદાધિકારીઓ-મહામંત્રીશ્રી નિરંજન ઓઝાએ જણાવેલ છે.

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્કપણે પક્ષી પરબનું વિતરણ

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧લી મેના રોજ સવારે ૯.૦૦ કલાકે સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતેથી નિઃશુલ્કપણે પક્ષી પરબનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. દિન પ્રતિદિન ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે અબોલ પશુ પક્ષીની હાલત કથળી છે. આ કાળઝાળ ગરમીમાં પશુ પક્ષીની તરસ છીપાવવા સેવાભાવી સંસ્થાઓ દ્વારા પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ પક્ષી પરબનું વિતરણ કરાશે.

નવા સેકટરમાં આવેલા ટોરેન્ટના ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ સર્જાતા લાઈટ ડુલ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ લાઈટ જવાના કિસ્સા વધી જવા પામ્યા છે. ગઈકાલે રાત્રીના સમયે સેકટર-૧ થી ૩ અને ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલા રહેણાંક વિસ્તારમાં લાઈટ જતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. નવા સેકટરમાં આવેલા ટોરેન્ટના ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ સર્જાતા આ પરિસ્થિતિ સર્જાઈ હતી. વસાહતીઓ દ્વારા ટોરેન્ટના કર્મચારીઓને જાણ કરાતા માત્ર ૧૫ મિનિટમાં વિજ પુરવઠો કર્મચારીઓએ પુનઃ કાર્યરત કરી દીધો હતો. ઉનાળાની આકરી ગરમીથી કંટાળીને આરામ ફરમાવતા રહીશો લાઈટ જતા ઘરની બહાર દોડી આવ્યા હતા.

ઉનાળાની આકરી ગરમીનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી વધુ ગરમી પડી રહી છે. ગરમીને કારણે નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે નાગરીકો બપોરના સુમારે ગરમીથી બચવા ઘરમાં પુરાઈ રહે છે. મકાનમાં એસી, કુલર અને પંખાના સહારે ગરમીથી રાહત મેળવવાની કોશીશ કરી રહ્યા છે. ત્યારે શહેરમાં ઉનાળાના પ્રારંભથી જ લાઈટ જવાના ધાંધિયા શરુ થઈ ગયા છે. જયારે ગરમીના દિવસોમાં વિજ વપરાશમાં પણ વધારો થવાથી વિજપુરવઠો ખોરવાઈ જવાના બનાવ વધી ગયા છે. ત્યારે ગઈકાલે રાત્રીના સાડા અગીયાર વાગ્યાના અરસામાં અચાનક વિજપુરવઠો ખોરવાઈ જતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. શહેરના સે-૧, ૨, ૩ અને ઈન્ફોસીટી વિસ્તારમાં લાઈટ ડુલ થઈ ગઈ હતી. સે-૨બીમાં આવેલા ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ સર્જાતા વિજ પુરવઠો બંધ થઈ ગયો હતો. સેકટરના વસાહતીઓએ ટોરેન્ટમાં જાણ કરતા જ તાત્કાલીક ટોરેન્ટના તંત્ર દ્વારા ફોલ્ટ શોધીને રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું અને માત્ર ગણતરીની મિનીટમાં વિજપુરવઠો ફરીથી શરુ થઈ ગયો હતો. જો કે ગરમીથી કંટાળેલા નગરજનો ઘરમાં આરામ ફરમાવતા હતા અને અચાનક લાઈટ જતા ઘરની બહાર દોડી આવ્યા હતા. કેટલાંક નગરજનો ખાટલા ઢાળીને બહાર સુતા હતા તો કેટલાક હીંચકે ઝુલીને લાઈટ આવવાની રાહ જોતા હતા. જો કે વિજ પુરવઠો આવી જતા ગરમીથી કંટાળેલા સેકટરના નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગરના વિકાસનું કામ કરતા શ્રમિકોને ચરણસેવા

ગાંધીનગર, તા.૨૯

બળબળતા તાપમાં અંગ દઝાડતી ગરમી વચ્ચે ગાંધીનગરના વિકાસનું કામ કરતા શ્રમિકોને વહારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા પગ રક્ષણ પુરું પાડવાના અભિયાનના ભાગરૂપે મહામંડળના સેવકો દ્વારા પગરખા વિતરણ કરી ઉઘાડાપગા લોકોને રક્ષણ પુરું પાડવાનું અભિયાન હાથ ધરેલ છે.

સરદાર પટેલ સચિવાલય સંકુલ અને આસપાસ કામ કરતા શ્રમિક પરીવારોને, સફાઈ કામ કરતા કામદારો, બાગ-ઉપવનનું કામ કરતા ૩૦૦ ઉપરાંત શ્રમિકો, બાળકો અને તેમના પરિવારજનોને નવા પગરખા પહોંચાડવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, અરૂણોદય સેવા ટ્રસ્ટના શ્રી અરૂણભાઈ બુચ, સુધીરભાઈ દેસાઈ, શ્રી નિલેન્દુ વોરા, દિનેશસિંહ ચાવડા, શ્રી શશીકાંતભાઈ મોઢાએ વ્યવસ્થાનું સંચાલન કરીને લોકો સુધી સહાય પહોંચાડી હતી.

આગામી દિવસોમાં વન સંરક્ષણનું કામ કરતા શ્રમિકોને પગરખાં પુરું પાડવાનું આયોજન કરેલ છે.

સર્વણોને આર્થિક અનામત આપવાના નિર્ણયને બ્રહ્મસમાજે આવકાર્યો

સર્વણોને દસ ટકા આર્થિક અનામત આપવાની સરકારની જાહેરાતને ગાંધીનગર બ્રહ્મ સમાજે આવકારી મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા છે. ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલે આ અંગે જણાવ્યું હતું કે સરકારે આ દિશામાં મોડુ પરંતુ સરાહનીય પગલું ભર્યું છે. સરકારના આ નિર્ણયથી સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ન્યાય મળશે. અત્યાર સુધી જેમણે અન્યાય થતો હતો તેવા આર્થિક નબળા વર્ગના લોકોનો પણ સર્વાંગી વિકાસ થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

પોર-કુડાસણ માર્ગ પર સ્થિત વાડીમાંથી છ શકુની ઝડપાયા

રૂ. ૧૬,૮૭૦નો મુદ્દામાલ જપ્ત કરી છ જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક પોર ગામથી કુડાસણ ગામ તરફ જતા માર્ગ પર જશુજી ઠાકોરની વાડીમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. ગઈ સાંજે બાતમીને આધારે સ્થળ પર પહોંચી દરોડો પાડીને છ શકુનીઓને પકડી પાડયા હતા. રૂ. ૧૬,૮૭૦ની કિંમતના મુદ્દામાલ સાથે તમામ છ જુગારીઓની ધરપકડ કરી લઈ અડાલજ પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પીએસઆઈ પી.સી. સરવૈયા તથા તેમની ટીમને ગઈ સમી સાંજે બાતમી મળી હતી કે પોર ગામથી કુડાસણ ગામ તરફ જવાના માર્ગ પર આવેલા જશુજી પુંજાજી ઠાકોરની વાડીમાં કેટલાક શખ્સો ટોળુ વળીને બેઠા છે અને જુગાર રમી રહ્યા છે તેને આધારે પી.સી. સરવૈયા તથા તેમની ટીમે દરોડો પાડયો હતો. વાડીને કોર્ડન કરીને જુગાર રમી રહેલા છ શકુનીઓને રંગે હાથ પકડી પાડયા હતા. પોર ગામના મુકેશ ધોળાજી ઠાકોર, નંદુ કાળાજી રાવલ, વિજય રમણભાઈ પટેલ, જીગર રમણભાઈ પટેલ, વિષ્ણુ ધોળાજી ઠાકોર અને કુડાસણ પટેલ વાસમાં રહેતા સંજય સોમાભાઈ પટેલ મળીને છ શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. રૂ. ૧૨,૮૪૦ રોકડા તથા મોબાઈલો સહિતનો મુદ્દામાલ મળીને કુલ રૂ.૧૬,૮૭૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને અડાલજ પોલીસે છ આરોપીઓ સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરથી ૧૪૦ પોલીસ છોટા ઉદેપુર બંદોબસ્ત માટે જશે

ગુજરાત રાજયના સ્થાપના દિવસની ઉજવણી ૧લી મે એ છોટા ઉદેપુર ખાતે થશે. આ ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે વિવિધ જિલ્લાઓમાંથી પોલીસ બંદોબસ્ત માટે મુકવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી બે પી.આઈ., ૬ પીએસઆઈ, ૧૦૦ પોલીસ અને ૩૦ મહિલા પોલીસ મળીને ૧૪૦ પોલીસ બંદોબસ્ત માટે છોટા ઉદેપુર જશે.

ગાંધીનગરથી બાઈક ચોરનાર શખ્સને ક્રાઈમ બ્રાન્ચે પકડયો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજુ શ્રીમાળી નામના શખ્સને ચોરીના બાઈક સાથે બાતમીને આધારે પકડી પાડયો હતો. તેની સઘન પુછતાછ કરવામાં આવતા ત્રણ બાઈક તથા ચાર મોબાઈલ ચોરીના ભેદ ઉકેલાયા છે. ચોરીના ત્રણ બાઈકો પૈકી એક સે-૭ પોલીસ સ્ટેશન ની હદમાંથી ગાંધીનગરથી ચોરી કર્યુ હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ઉંડી પુછપરછ શરૂ કરી છે.

આર્યસમાજ મંદિરે અનોખો યોગ 'સેવાયજ્ઞ'

આર્યસમાજી પંડિત શૈલેન્દ્ર શાસ્ત્રી દ્વારા ચાર વર્ષથી પ્રારંભ કરાયેલ આ યોગ ક્રિયા સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો માટે આશીર્વાદ રૂપ : દરરોજ સવારે ૬ થી ૭ વાગ્યા દરમિયાન આર્યસમાજ ભવનના ધાબે યોગ ક્રિયા કરાય છે

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૯

નજીકના સમયમાં આગામી મે માસની તા. ૨૧મીએ ફરી એકવાર વિશ્વભરમાં 'યોગ' દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ભારતે યોગ થકી સમગ્ર વિશ્વને સ્વાસ્થ્ય અને સ્ફૂર્તિમય તથા રોગમુકત જીવનની અનોખી ભેટ આપી છે. ગાંધીનગરમાં યોગ થકી સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ધરાવતા નગરજનોની સંખ્યા સારા પ્રમાણમાં છે. સેકટર-૨૪માં છેલ્લા ચારેક વર્ષથી આર્યસમાજ મંદિર ખાતે દરરોજ સવારે ૬ થી ૭ વાગ્યા દરમિયાન યોગ ક્રિયા કરવામાં આવે છે જેમાં અનેક સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો લાભ મેળવી રહ્યાં છે.

આર્ય સમાજ મંદિરમાં યોજાતા લગ્ન સમારંભોમાં પંડિત તરીકે સેવાઓ આપતા આર્યસમાજી શૈલેન્દ્ર શાસ્ત્રી દ્વારા ચારેક વર્ષ પૂર્વે કેટલાક સ્વયંસેવકો સાથે યોગની શરૂઆત કરવામાં આવી હતી. આર્યસમાજ ભવનના ટેરેસ પર સવારના ખુશનુમા વાતાવરણમાં પ્રારંભ કરાયેલ યોગ ક્રિયા આજે ચાર વર્ષે સતત ચાલી રહી છે એટલું જ નહીં પરંતુ માત્ર ચાર-પાંચ સ્વયંસેવકો અને મિત્રો સાથે ચાલુ કરાયેલ આ યોગ ક્રિયામાં અત્યારે ૨૫ થી ૩૦ નિયમિત સાધકો અને કયારેક ૪૦થી વધુ સાધકો યોગ ક્રિયા માટે આવે છે. અહીં યોગ શીખવા આવતા નગરજનોમાં સે-૨૪, ૨૫, ૨૬ ઉપરાંત ગોકુલપુરા, પેથાપુર વગેરે ગ્રામ્ય વિસ્તારો તથા જીઆઈડીસીની કેટલીક કંપનીઓના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. શૈલેન્દ્ર શાસ્ત્રી ઉપરાંત વિનોદભાઈ પટેલ અને મનોજભાઈ અગ્રવાલ જેવા સેવાભાવી સ્વયંસેવકો દ્વારા પણ અહીં સાધકોને નિયમિત યોગ ક્રિયા કરાવવામાં આવે છે.

યોગ સાથે અહીં નગરજનોને વિવિધ રોગો જેવા કે ડાયાબીટીશ, ફેફસાની તકલીફો, શ્વસન સંબંધિત બિમારીઓ, આધાશીશી કે માઈગ્રેન અને બેકપેઈન કે સાંધાના દુઃખાવા વગેરે અંગે આયુર્વેદ તથા આ રોગોમાં ઉપયોગી યોગ ક્રિયાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. તદ્દન નિઃશુલ્ક ભાવે માત્ર સેવાના ઉદ્દેશથી ચલાવાતા આ યોગ વર્ગો આસપાસના વિસ્તારના સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યા છે.

૧લી મેના રોજ ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે છેલ્લા સવા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તા૧લી મેના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં વિવિધ શહેરોમાં આવી પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ ધનજીભાઈ પૂંજાભાઈ, ઉ.વ.૭૨
- સ્વ. માનસિંહ કાળાજી ઠાકોર, ઉ.વ.૩૦